iRf

# Oasis

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનનુ ત્રિમાસિક મુખપત્ર

અંક : ૯૫ જાન્યુઆરી – માર્ચ ૨૦૨૬

## તંત્રીસ્થાનેથી . . .

**સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યશ્રીઓ**

**અમદાવાદ ચેપ્ટર**

૧. ડો. શ્રીમતી પ્રિતીબેન અદાણી
૨. શ્રી પી. કે. લહેરી
૩. શ્રી હેમંતભાઈ શાહ
૪. પદ્મશ્રી ડો. કુમારપાલ દેસાઈ
૫. શ્રી રશ્મિકાંતભાઈ શાહ
૬. શ્રી રમેશભાઈ પટેલ
૭. શ્રીમતી જયશ્રીબેન મહેતા
૮. શ્રી શુભાંગભાઈ શાહ
૯. ડો. વી. એન. શાહ
૧૦. શ્રી નિલેશભાઈ દેસાઈ
૧૧. શ્રી ભરતભાઈ મોદી
૧૨. શ્રીમતી રેખાબેન ચોના
૧૩. શ્રી જયંતિભાઈ સંઘવી
૧૪. શ્રી જગતભાઈ કિનખાબવાલા

**વડોદરા ચેપ્ટર**

૧. રાજમાતા શુભાંગીની રાજે ગાયકવાડ
૨. શ્રી કરણ ગ્રોવર
૩. શ્રી મહેશભાઈ શાહ
૪. શ્રી યોગેશભાઈ વેલાણી
૫. શ્રી મધુભાઈ મહેતા
૬. શ્રી કુંજલભાઈ પટેલ
૭. શ્રી રોહિતભાઈ પરીખ
૮. શ્રી નિલેશભાઈ શુકલા

**સુરત ચેપ્ટર**

૧. શ્રી શરદભાઈ કાપડિયા
૨. શ્રી આઈ. જે. દેસાઈ
૩. શ્રી રજનીકાંતભાઈ કે. મારફતિયા
૪. શ્રી રાજેન્દ્રભાઈ ચોખાવાલા
૫. ડો. શ્રીમતી મીનાબેન માંડલેવાલા
૬. ડો. પ્રફુલભાઈ શિરોયા
૭. શ્રી ભરતભાઈ શાહ
૮. શ્રી રોહિતભાઈ મહેતા
૯. શ્રી કમલેશભાઈ યાજ્ઞિક
૧૦. શ્રી પ્રદિપભાઈ કલકત્તાવાલા
૧૧. કુ. જિજ્ઞાસાબેન ત્રિવેદી
૧૨. ડો. પ્રદીપભાઈ અટોદરિયા

**પ્રિય મિત્રો,**

નમસ્કાર !

વર્ષ ૨૦૨૬ ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં સંસ્થા કિડની રોગ નિવારણ માટે વિવિધ સમાજ ઉપયોગી પ્રવૃતિઓ કરવાની સાથે સાથે નવા સીમાચિન્હો હાંસલ કરીને સફળતાપૂર્વક આ ક્ષેત્રમાં આગળ વધી રહી છે.

પાછલા અંકમાં સંસ્થા દ્વારા બે નવા હિમોડાયાલિસીસ યુનિટ શરુ કરવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે માટેની બધી જ તૈયારી અને કામગીરી લગભગ પૂર્ણ થઇ ગઈ છે. આપ સૌને જણાવતા આનંદ થાય છે કે આપણે દહેગામ, જીલ્લો ગાંધીનગર ખાતે ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ દર્દીઓની સેવામાં કાર્યરત એવી આર્શીવાદ આઈ એન્ડ જનરલ હોસ્પિટલના સહયોગથી અને રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ્સ લિમિટેડ-CSR પહેલ અંર્તગત રૂ. ૪૬,૦૦,૦૦૦/- ના અનુદાનથી અદ્યતન ટેકનોલોજીથી સજ્જ ૫ હિમોડાયાલિસીસ મશીન સાથેનું યુનિટ બનીને તૈયાર થઇ ગયું છે. આ યુનિટને એપ્રિલ–૨૦૨૬ થી દર્દીઓની સારવાર માટે ખુલ્લું મુકવામાં આવશે જેથી દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારના કિડનીના દર્દીઓને નજીકમાં આ સારવાર ઉપલબ્ધ થઇ રહેશે.

અમારી આ વિશેષ ઉપલબ્ધિમાં અમૂલ્ય યોગદાન આપનાર આર્શીવાદ આઈ એન્ડ જનરલ હોસ્પિટલના તમામ ટ્રસ્ટીશ્રીઓનો તેમજ રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ્સ લિમિટેડના જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જયંતિભાઈ સંઘવી તથા CSR હેડ શ્રી જગતભાઈ કીનખાબવાલાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છુ. આ સાથે મને જણાવતાં આનંદ થાય છે કે આ હિમોડાયાલિસીસ યુનિટનું ઉદ્‌ઘાટન તારીખ ૨૧ એપ્રિલના રોજ શ્રી જયંતિભાઈ સંઘવીના વરદહસ્તે કરવામાં આવશે.

આગામી દિવસોમાં અમે અલંગ, ભાવનગર ખાતે પણ હિમોડાયાલિસીસ યુનિટ શરૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અને તે માટે ગુલમોહર ગ્રીન્સ ગોલ્ફ એન્ડ કન્ટ્રી કલબ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અલ્પેશભાઈ પરીખ દ્વારા કંપનીના CSR અંતર્ગત આપેલ રૂ. ૧૧,૫૫,૦૦૦/- ના અનુદાનથી હિમોડાયાલિસીસ મશીન, RO પ્લાન્ટ, બેડ તેમજ સ્ટેબિલાઈઝર જેવા જરૂરી સાધનોની ખરીદી કરવામાં આવી છે.

'વિશ્વ કિડની દિવસ' જે દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે ઉજવવામાં આવે છે, જે એક વૈશ્વિક ઝુંબેશ છે. તેનો મુખ્ય હેતુ કિડનીનું સ્વાસ્થ અને તેના મહત્વ વિશે સમાજમાં જાગૃતિ લાવવાનો તથા વિશ્વભરમાં કિડની રોગની અસર ઘટાડવા માટે વહેલાસર નિદાન, નિવારણ અને કિડનીના દર્દીની સંભાળની સમાન તકો ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકવાનો છે.

આ દિવસ ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ નેફ્રોલોજી (ISN) અને ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ કિડની ફાઉન્ડેશન – વર્લ્ડ કિડની એલાયન્સ (IFKF-WKA) દ્વારા દર વર્ષે વિશેષ અને અલગ થીમ સાથે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માટેની થીમ છે: "Kidney Health for All - Caring for People, Protecting the Planet"

આ દિવસની શરૂઆત ઉપરોક્ત સંસ્થાઓ દ્વારા વર્ષ ૨૦૦૬ માં કરવામાં આવી હતી. તેથી ૧૨ માર્ચ, ૨૦૨૬ ના રોજ તેની ૨૦ મી વર્ષગાંઠ ઉજવવામાં આવી. આ નિમિત્તે ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન દ્વારા દરેક ચેપ્ટરમાં વિવિધ કાર્યક્રમો, સેમિનાર, પ્રદર્શન, જાગૃતિ રેલી, ચિત્રસ્પર્ધા અને નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારા માટે ગર્વની વાત એ છે કે આ તમામ પ્રવૃત્તિઓની નોંધ વિશ્વ કિડની દિવસના આયોજકો દ્વારા તેમની વેબસાઇટ તેમજ ન્યૂઝલેટરમાં દર વર્ષે લેવામાં આવે છે.

આ સમય દરમિયાન અમને સ્કાયબ્લુ સિનેમેટિક્સ પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ તરફથી રૂ. ૫,૦૦,૦૦૦/- ની રકમનું મહત્વપૂર્ણ દાન સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓને વેગ આપવા માટે કરવામાં આવ્યું છે જે માટે હું એમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છુ. અંતમાં, આ સમાજઉપયોગી કાર્યોમાં ભાગીદાર બનનાર તમામ દાતાશ્રીઓ, શુભચિંતકો, સમાજના આગેવાનો અને સ્વયંસેવકોનો હું દિલથી આભાર વ્યક્ત કરું છું.

**શુભેચ્છાઓ સહ,**

ત્રિલોકભાઈ પરીખ
ચેરમેન

## જાગૃતિ કાર્યક્રમ : (Prevention Through Awareness Programme)

### કિડની જાગૃતિ કાર્યક્રમોની એક ઝલક:



શ્રી બી.જે.પટેલ ઉમિયા બીસીએ કોલેજ, અમદાવાદ



આર.ટી.ઓ. ઓફિસ, જુનાગઢ



બેંક ઓફ બરોડા–ગ્રામીણ સ્વ–રોજગાર તાલીમ સંસ્થા, મહેસાણા



BAPS હાઈસ્કૂલ, બોચાસણ



જી.એચ.સી.એલ. ફાઉન્ડેશન, સુત્રાપાડા, જુનાગઢ



બી.આર.સી. ભવન, દહેગામ



સુરત સિટીઝન્સ કાઉન્સિલ ટ્રસ્ટ, સુરત

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### હિંમતનગર ચેપ્ટર

૧. ડો. ચીમનભાઈ પટેલ
૨. શ્રી ચંદ્રકાન્તભાઈ સી. શેઠ
૩. શ્રી ગિરીશભાઈ ભાવસાર
૪. શ્રી મહેન્દ્રસિંહ પી. ચૌહાણ
૫. શ્રી કુંજબિહારી જે. પટેલ
૬. શ્રી ગોપાલસિંહ એન. રાઠોડ
૭. શ્રી બાલકૃષ્ણ એમ. ઠક્કર
૮. ડો. કેવલભાઈ એમ. પટેલ

### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### ગીર–સોમનાથ ચેપ્ટર

૧. શ્રી પ્રવિણભાઈ કે. લહેરી
૨. શ્રી વિજયસિંહ ચાવડા
૩. શ્રી જગમલભાઈ વાલા
૪. શ્રી રમેશભાઈ ચોપડકર
૫. શ્રી જીતેન્દ્રભાઈ મહેતા
૬. શ્રી સુરેશભાઈ કંપાણી
૭. શ્રી ગિરીશભાઈ ઠક્કર
૮. ડો. શ્રી રાજુભાઈ ક્રિષ્નાની
૯. શ્રી તેજસભાઈ પંડ્યા
૧૦. શ્રી અરુણકુમાર શર્મા

# બીપી, ડાયાબિટીસ અને કિડની નિદાન કેમ્પ



શ્રી ઉમિયા કે.વી.સી. એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ



કડવા પાટીદાર પરિવાર મહિલા વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ




વિશ્વ એન.જી.ઓ. દિવસની ઉજવણી, સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ




સમીયાલા ગામ, વડોદરા




મેમદપુર ગામ, મેહસાણા




આર.ટી.ઓ. ઓફિસ, ભાવનગર



કાળીયાબીડ મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ, ભાવનગર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો ભાવનગર ચેપ્ટર

૧. શ્રી જનાર્દનભાઈ ભટ્ટ
૨. શ્રી સુનીલભાઈ વડોદરીયા
૩. શ્રી ચેતનભાઈ કામદાર
૪. શ્રી રાજુભાઈ બક્ષી
૫. શ્રી મેહુલભાઈ પટેલ
૬. શ્રી સુમિતભાઈ ઠક્કર

## સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો રાજકોટ ચેપ્ટર

૧. શ્રી રમેશભાઈ પટેલ
૨. શ્રી ચંદુલાલ વિરાણી
૩. શ્રી હિતેશભાઈ વોરા
૪. શ્રી શંભુભાઈ પરસાણા
૫. શ્રી સુધીર ભીમાણી
૬. શ્રી કમલેશ જોષીપુરા
૭. શ્રી કિશોરભાઈ કોટક
૮. શ્રી મિત્તલભાઈ ખેતાણી
૯. શ્રી રજનીભાઈ પટેલ
૧૦. શ્રી રમેશભાઈ ઠક્કર
૧૧. શ્રી ડેનીશ આડેસરા

# વિશ્વ કિડની દિવસ ૨૦૨૬

વિશ્વ કિડની દિવસ એ International Federation of Kidney Foundation- World Kidney Alliance અને International Society of Nephrologyના સંયુક્ત ઉપક્રમે દર વર્ષે માર્ચ મહિનાના બીજા ગુરુવારે એક વિશેષ થીમ સાથે કિડનીની બિમારી વિષે સમાજમાં જનજાગૃતિ લાવવા માટે ઉજવવામાં આવે છે. વર્ષ–૨૦૨૬ ની થીમ છે “Kidney Health for All - Caring for People, Protecting the Planet”.

ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશન છેલ્લા ૨૪ વર્ષથી કિડનીના ક્ષેત્રમાં કાર્ય કરતી સંસ્થા હોવાની સાથે International Federation of Kidney Foundation નું પણ સક્રિય સભ્ય છે જેથી આ થીમ સાથે સમાજમાં કિડની રોગ અંગે જાગૃતિ લાવવી એ અમારી નૈતિક જવાબદારી છે. જેને ધ્યાનમાં રાખીને અમારા દરેક ચેપ્ટરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીને જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## અમદાવાદ

૧૨ માર્ચ ૨૦૨૬, ગુરુવારના રોજ જે. જી ઇન્ટરનેશનલ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓના સહયોગથી શ્રી નીલકંઠ મહાદેવ મંદિર, ઘાટલોડિયા ખાતે કિડની જાગૃતિ પોસ્ટર પ્રદર્શનની સાથે કિડની અને શરીરના અન્ય જરૂરી અંગોને સૌથી વધારે અસર કરતા રોગો બીપી અને ડાયાબિટીસની વિનામૂલ્યે તપાસ કરવામાં આવી. જેનો ૫૦૦ થી વધુ દર્શનાર્થીઓએ લાભ લીધો હતો.



૧૩ માર્ચ ૨૦૨૬, શુક્રવારે અન્ય એક કિડની રોગ વિષે જાગૃતિ સેમિનારનું આયોજન સરદાર વલ્લભભાઈ ગ્લોબલ યુનિવર્સિટી (SVGU) ખાતે વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીઓ માટે કરવામાં આવ્યું હતું. જેમાં જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. જીગર શ્રીમાળી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા અને માહિતીસભર વક્તવ્ય આપ્યું.






વિશ્વ કિડની દિવસના ભાગરૂપે એક વિશેષ કિડની જાગૃતિ કાર્યક્રમ SPIPA, ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના વિવિધ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે કરવામાં આવ્યો હતો જેમાં તેઓને શરીરમાં કિડનીની રચના, કાર્યો, રોગો અને તેને અટકાવવાના ઉપાયો વિષે વિગતવાર સમજ આપવામાં આવી હતી.



## ભાવનગર

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, ભાવનગર ચેપ્ટર દ્વારા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર, શ્રી સહજાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ કોલેજ અને બીમ્સ કિડની હોસ્પિટલના સહયોગથી કિડની જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જાણીતા નેફ્રોલોજિસ્ટ ડો. તન્મય વાઘ દ્વારા કિડનીના રોગો, નિવારણના ઉપાય, યોગ્ય સંભાળ, આહાર અને કિડની ટ્રાન્સપ્લાન્ટ વિષે વિગતવાર પ્રેઝન્ટેશન દ્વારા મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.






## મહેસાણા

૧૨ માર્ચ ૨૦૨૬ના રોજ મહેસાણા ચેપ્ટર દ્વારા વિવેકાનંદ સ્કૂલના વિદ્યાર્થીઓના સહયોગથી વિવેકાનંદ સ્કૂલથી ગુરુદ્વારા સુધી કિડની જાગૃતિ રેલી યોજાઈ જેના માધ્યમથી સ્થાનિક નાગરિકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવામાં આવી હતી. સાથે જ સ્કૂલ પરિસરમાં બીપી અને ડાયાબિટીસની વિનામૂલ્યે તપાસ માટે ચેકઅપ કેમ્પની સાથે વિદ્યાર્થીઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતતા વધારવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં પ્રથમ ત્રણ ક્રમે રહેનાર વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.





## વડોદરા

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, વડોદરા ચેપ્ટર દ્વારા ૧૨ માર્ચના રોજ લુણા ગામમાં સ્થિત Execom કંપનીના કર્મચારીઓ માટે કિડની જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા કર્મચારીઓમાં કિડની આરોગ્ય અંગે જાગૃતિ લાવવામાં આવી અને નિયમિત ચકાસણી તથા સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપવામાં આવ્યો. આ જ દિવસે અન્ય એક બીપી, ડાયાબિટીસ અને કિડની તપાસ કેમ્પનું આયોજન શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, લાલબાગ, વડોદરા ખાતે કરવામાં આવ્યું હતું.





## સુરત

તારીખ ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સુરત ચેપ્ટર દ્વારા સુરત ટેનિસ ક્લબ ખાતે વર્લ્ડ કિડની દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં મુખ્ય વક્તા તરીકે સુરતના જાણીતા ડોક્ટર શ્રી દીપકભાઈ તમાકુવાલા (નેફ્રોલોજીસ્ટ) હાજર રહ્યા અને શ્રોતાઓને કિડની અને કિડનીના રોગો અંગે સવિસ્તૃત અને સરળ ભાષામાં સમજ આપી હતી. આ પ્રસંગે ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન, સુરત ચેપ્ટર સલાહકાર સમિતિના ચેરમેન શ્રી શરદભાઈ કાપડિયા અને ઓનરરી સેક્રેટરી શ્રીમતી જિજ્ઞાસાબેન ત્રિવેદી હાજર રહ્યા અને શ્રોતાઓને ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશનની પ્રવૃતિઓ વિષે તેમજ વિશ્વ કિડની દિવસ ઉજવવાનો હેતુ સમજાવ્યો હતો.



### સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો
### મહેસાણા ચેપ્ટર

૧. શ્રી શરદભાઈ શાહ
૨. શ્રી ચંદુભાઈ આઈ. પટેલ
૩. શ્રી અજીતભાઈ ટી. પટેલ
૪. શ્રી સુરેન્દ્રભાઈ બી. પરીખ
૫. ડો. શ્રી પી. ડી. પટેલ
૬. ડો. શ્રી મુકેશભાઈ એમ. ચૌધરી
૭. શ્રી સંદીપભાઈ શેઠ



## ગીર-સોમનાથ

વિશ્વ કિડની દિવસના અનુસંધાને તારીખ ૧૭ માર્ચ ૨૦૨૬ ના રોજ વેરાવળ, સોમનાથ ખાતે કિડની જાગૃતિ રેલીનું આયોજન શ્રી શિશુમંદિર માધ્યમિક સ્કૂલના સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને લોકોને કિડની આરોગ્ય અંગે સંદેશો આપ્યો હતો.







## રાજકોટ

રાજકોટ ચેપ્ટર દ્વારા આ દિવસે હરિવંદના ફિઝીયોથેરાપી કોલેજ, રાજકોટ તેમજ રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનની માવડી વોર્ડ ઓફીસ ખાતે કિડની જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યા હતા.



પ્રેરણા પુનઃર્વસન કાર્યક્રમ

"પ્રેરણા એટલે હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા કિડનીના દર્દી મિત્રોને આનંદપૂર્વક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરતુ એક વિશિષ્ટ સંગઠન"

## ભાવનગર

સંસ્થા દ્વારા ભાવનગર ચેપ્ટર ખાતે એક નવી પહેલ કરવામાં આવી છે જેમાં પ્રેરણા કાર્યક્રમ અંર્તગત કિડનીના દર્દી મિત્રોને કિડનીના નિષ્ણાત ડોક્ટર (નેફ્રોલોજીસ્ટ) નું માર્ગદર્શન, સારવાર અને દવાઓ વિનામૂલ્યે મળી રહે તે માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર ખાતે દર મહિનાના બીજા રવિવારે ફ્રી ઓપીડી શરુ કરવામાં આવી છે. આ સુવિધાનો લાભ ભાવનગર શહેર અને જીલ્લાના હિમોડાયાલિસીસ અને કિડની ટ્રાન્સપ્લાન્ટની સારવાર લેતા દર્દીઓ વિનામૂલ્યે લઇ શકશે. આ માટે પોતાનો કીમતી સમય આપવા બદલ સેવાભાવી ડો. તન્મય વાઘ (નેફ્રોલોજીસ્ટ) અને આ માટે જગ્યા પૂરી પાડવા બદલ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ભાવનગર શાખાનો અને તેમના ટ્રસ્ટીશ્રીઓનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ.




## ગીર-સોમનાથ

આ ચેપ્ટર દ્વારા તારીખ ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ પ્રેરણા બેનર હેઠળ Enjoy મ્યુઝીક ગ્રુપના સહયોગથી કિડનીના દર્દી મિત્રો માટે મ્યુઝીકલ કાર્યક્રમનું આયોજન સોમનાથ પી.ટી.સી. કોલેજ હોલ, પ્રભાસ પાટણ, વેરાવળ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં Enjoy મ્યુઝીક ગ્રુપના સભ્યો દ્વારા ખૂબ જ રસપ્રદ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોમાં DIET ના પ્રાચાર્ય શ્રી વી.એમ. પંપાણીયા, એસ.વી.પી. અધ્યાપન મંદિરના પ્રિન્સિપાલ શ્રી સી.એમ. જોશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રેરણા સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો.



## મુખ્ય દાતાશ્રીઓ

| | |
|---|---|
| સ્કાયબ્લુ સિનેમેટિક્સ પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈ | રૂ. ૫,૦૦,૦૦૦/– |
| સુરત સિટીઝન્સ કાઉન્સિલ ટ્રસ્ટ, સુરત | રૂ. ૫૦,૦૦૦/– |
| શ્રી મેઘજીભાઈ પૂંજાભાઈ મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ (શ્રી રજનીભાઇ પટેલ ) | રૂ. ૨૫,૦૦૦/– |
| શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ, અમદાવાદ | રૂ. ૨૫,૦૦૦/– |
| શ્રી રામેન્દ્રભાઈ પરીખ, અમદાવાદ | રૂ. ૧૫,૦૦૦/– |

## Save a life કાર્યક્રમના દાતાશ્રીઓ

Sponsoring Renal Treatment

| | |
|---|---|
| શ્રી રશ્મિકાંતભાઈ જે. શાહ, અમદાવાદ | રૂ. ૧,૨૦,૦૦૦/– |
| નારાયણ પાવરટેક લિમિટેડ, વડોદરા | રૂ. ૯૦,૦૦૦/– |
| રોલેક્સ રિંગ્સ લિમિટેડ, રાજકોટ | રૂ. ૨૫,૦૦૦ /– |
| શ્રી રોહિતકુમાર દોમડીયા | રૂ. ૩,૦૦૦/– |
| કડવા પાટીદાર પરિવાર મહિલા વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ | રૂ. ૨,૫૦૦/– |
| શ્રી એસ.વી. રાણા, સુરત | રૂ. ૩,૦૦૦/– |
| શ્રી પ્રકાશ જલગાંવકર, અમદાવાદ | રૂ. ૨,૦૦૧/– |
| શ્રીમતી અર્ચના નિત્યન | રૂ. ૨,૦૦૦/– |
| શ્રી પંકજકુમાર | રૂ. ૨,૦૦૦/– |
| શ્રી મનદીપસિંહ | રૂ. ૧,૧૦૦/– |

## આજીવન સભ્યપદ

| | |
|---|---|
| શ્રી નિલેશભાઈ શુક્લા, વડોદરા | રૂ. ૫,૦૦૦/– |

**ઈન્ડિયા રીનલ ફાઉન્ડેશનને આપવામાં આવતુ દાન ઈન્કમ ટેક્સ, સેક્સન ૮૦ G હેઠળ ૫૦% કર રાહતને પાત્ર છે**

Oasis નો આ અંક સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. ના સહયોગથી પ્રકાશિત થયો છે.

iRf

ઇન્ડિયા રીનલ ફાઉન્ડેશન

B-૨૦૪, શપથ– ૪, કર્ણાવતી કલબની સામે, સરખેજ - ગાંધીનગર હાઈવે, અહમદાવાદ - ૩૮૦૦૫૧, ફો, ૦૭૯૪૦૦૨૭૮૮૪
વડોદરા: ૯૨૨૭૧–૦૧૭૬૨/ સુરત: ૯૨૨૭૯–૨૧૦૬૧/ રાજકોટ: ૯૨૨૨૭૨–૫૧૫૮૫/ મહેસાણા: ૮૫૧૧૧–૧૪૨૫૬/ ભાવનગર: ૮૫૧૧૧–૧૪૨૫૭/ ભુજ: ૮૫૧૧૧–૪૮૨૨૮/ હિંમતનગર: ૬૩૫૪૯–૧૯૬૬૭
E-mail: irf@indiarenalfoundation.org & indiarenalfoundation@gmail.com Visit us at: www.indiarenalfoundation.org

indianrenalfoundation | Irfindia | Indiarenalfoundation3521

All contributions to India Renal Foundation are 50% tax exempt u/s 80G